# ડીસામાં લોહાણા સમાજની અનામતની માંગ સાથે વિશાળ રેલી : મામલતદારને આપ્યું આવેદનપત્ર

ડીસા, તા. ૨૫

રાજયમાં પટેલ અનામત આંદોલન વેગ પકડી રહ્યું છે ત્યારે અન્ય સમાજ દ્વારા પણ અનામત મુદ્દે શંખનાદ કર્યો હતો. તેમ ડીસામાં પટેલ સમાજની રેલી બાદ આજે સોમવારે લોહાણા સમાજની અનામતની માંગ સાથે રેલી નીકળી હતી. જેમાં મોટી સંખ્યામાં લોહાણા સમાજના લોકો જોડાયા હતા. અમને અનામતમાં સમાવો તે અમારી ફરજ છે, લોહાણા સમાજ અને આગળ વધોના નારા ડીસામાં ગુંજતા અનામતની આંધીમાં વધુ એક સમાજ ઉગ્રતાએ આવ્યો છે. જેમાં આગેવાનોએ મામલતદારોને આવેદનપત્ર પાઠવ્યું હતું.

વહેપારી મથક ડીસામાં આજે અનામતની માંગ સાથે લોહાણા સમાજે બેનરો અને સૂત્રોચાર સાથેની એક વિશાળ રેલી શહેરના રાજમાર્ગો પર કાઢી હતી, જેમાં પુરૂષો સાથે મહિલાઓ અને યુવાનો પણ જોડાયા હતા. આ રેલીમાં લોહાણા સમાજના પ્રમુખ અતુલભાઈ ઠક્કર, આનંદભાઈ ઠક્કર, પ્રકાશભાઈ તેમજ મહિલા આગેવાનોમાં આદર્શ સંસ્કાર મંડળના તેમજ સ્વાધ્યાય પરિવારના હસુમતીબેન સહાયતા, સહિતના અનેક આગેવાનો આ ન્યાયની લડાઈ સમાન રેલીમાં જોડાયા હતા.

બનાસકાંઠાના ડીસામાં લોહાણા સમાજે આજે 'મરી જઈશું -મીટી જઈશુ અને અમારો અધિકાર અનામત લઈને જંપીશુ'ના સૂત્રોચાર અને બેનર પ્રદર્શન સાથે એક વિશાળ રેલી કાઢી તેમનો પણ અનામતમાં સમાવેશ કરવાની માગં કરી હતી. જેમાં મહિલાઓ પણ જોડાઈ હતી. આ રેલી શહેરના મુખ્ય રાજમાર્ગો પરથી ડીસાના મામલતદાર પાસે પહોંચી હતી અને આવેદન પત્ર પાઠવ્યું હતું. મામલતદાર શિવરાજ ગીલ્વાને પાઠવેલા આવેદનપત્રમાં લોહાણા સમાજે જણાવ્યું હતું કે, રઘુવંશી લોહાણા સમાજ ગુજરાતની વસ્તીનો માંડ અડધો ટકા જ વસ્તી ધરાવે છે. લોહાણા સમાજ સરકારી આરક્ષણના લાભોથી વંચીત રહેવાથી સમાજ મુખ્ય પ્રવાહથી દાયકાઓ પાછળ ધકેલાઈ ગયો છે. જરૂરિયાતવાળા તથા પછાત વર્ગને આર્થિક રીતે સક્ષમ અને સમૃદ્ધ બનાવવાનું અભિયાન જો દેશભરમાં ચલાવવામાં આવે તો સમગ્ર રઘુવંશી સમાજ હરહંમેશ સરકારની સાથે હજારો સ્વયંસેવકો સાથે સમર્પણ ભાવથી જોડાશે તેવી આ સાથે બાહેંધરી આપીએ છીએ.

## પ્રાંતિજમાં કેનેરા બેંક એમ્પલોઈઝ યુનિયન દ્વારા શૈક્ષણિક કિટનું વિતરણ

પ્રાંતિજ, તા. ૨૫

પ્રાંતિજ રેલવે સ્ટેશન વિસ્તારમાં આવેલ પ્રાથમિક શાળામાં કેનેરા બેંક એમ્પલોઈઝ યુનિયન રાજ્ય સમિતિ દ્વારા શૈક્ષણિક અને નાસ્તાની કિટનું વિતરણ કરવામાં આવ્યું હતું. સંસ્થા તરફથી શાળાના બાળકો માટે રૂ. ૨૮૦૦૦ના ખર્ચે વિવિધ ગણવેશ-કંપાસ અને દફતર વગેરેનું વિતરણ કરવામાં આવ્યું હતું. જેમાં સેસ્થાના સેક્રેટરી આર.ટી. ગઢીયા, જે.કે. આચાર્ય તથા શાળાના આચાર્ય પ્રવિણભાઈ પટેલ અને શાળા પરિવારના સભ્યો હાજર રહ્યા હતા. કાર્યક્રમના અંતે કમલેશભાઈ મિસ્ત્રી તરફથી તીથી ભોજન બાળકોને આપવામાં આવ્યું હતું.



**ખેડબ્રહ્માના એસ.ટી. ડેપોમાં મુસાફર જનતા વાંચનાલયનું ઉદ્‌ઘાટન**

ખેડબ્રહ્મા એસ.ટી. ડેપોમાં મુસાફર જનતા માટેના વાંચનાલય શબ્દયાત્રાનું સોમવારે ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું. ગુજરાતના તમામ એસ.ટી. ડેપોમાં સૌ પ્રથમ એસ.ટી. ડેપો લાયબ્રેરીનું ઉદ્‌ઘાટન ગુ.રા. માર્ગ વા.વ. નિગમના ડીરેક્ટર દિવેશ અનાવીડાયા તથા જનરલ મેનેજર ડી.ડી. કાપડીયાના વરદહસ્તે કરવામાં આવ્યું હતું. ન્યુ ગુજરાત પેટર્ન યોજના અંતર્ગત આદિજાતી વિકાસ વિભાગ હસ્તકની વનબંધુ કલ્યાણ યોજના હેઠળ પ્રાયોજના વહીવટદાર કચેરી ખેડબ્રહ્માના સહયોગથી આ લાયબ્રેરી બનાવવામાં આવી છે. આ પ્રસંગે વિભાગીય નિયામક જી.ઓ. શાહ તથા ડેપો મેનેજર એમ.એમ. દાદુ ઉપસ્થિત રહ્યા હતા. **(તસવીર : રમેશ વૈષ્ણવ, ખેડબ્રહ્મા)**

## જગમેર કંપાના વાઘેશ્વરી મંદિરમાં ૧૧ હજારની ચોરી

ખેડબ્રહ્મા, તા. ૨૫

ખેડબ્રહ્મા તાલુકાના જગમેર કંપામાં આવેલ વાઘેશ્વરી માતાજીના મંદિરમાં રવિવારે રાત્રે કોઈ ચોર ઈસમો મંદિરના તાળા તોડી પ્રવેશ કરી રૂ. ૧૧ હજારની મત્તાની ચોરી કરી પલાયન થઈ ગયા હતા. આ અંગે ખેડબ્રહ્મા પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાઈ છે.

જગમેરકંપાના વાઘેશ્વરી માતાજી મંદિરના દરવાજાનું તાળુ તોડી કોઈ ચોર ઈસમો મંદિરમાં પ્રવેશ્યા હતા અને માતાજીના પગલા રૂ. ૧૧૦૦, મુગટ રૂ. ૨ હજાર, તલવાર નંગ-૨ રૂ. ૧૪૦૦, સફેદ ધાતુનો હાર રૂ. ૧ હજાર, વાજીત્ર રૂ. ૩૫૦૦ તથા ભંડારનું તાળુ તોડી રૂ. ૨ હજાર મળી કુલ રૂ. ૧૧ હજારની મત્તાની ચારી કરી ફરાર થઈ ગયા હતા. આ અંગે મંદિરના પુંજારી ચંદ્રકાન્ત ગુણવંતલાલ વ્યાસ રે. નવા મારવાડાએ ખેડબ્રહ્મા પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવતા પી.એસ.આઈ. જી.વી. ગોહીલ વધુ તપાસ ચલાવી રહ્યાં છે.

# પાટીદારોની રેલીને પગલે મોડાસાના માર્ગો પર સન્નાટો

## મોડાસા શહેરમાં પાટીદાર મહારેલીની અસર હેઠળ પ્રજાજનો અને ટ્રાફિક નહિવત : અરવલ્લી જિલ્લામાંથી ૨૫ હજારથી વધુ પાટીદારોએ અમદાવાદની મહારેલીમાં જોડાયા

મોડાસા, તા. ૨૫

અમદાવાદમાં ૨૫ ઓગષ્ટ મંગળવારે યોજાયેલી પાટીદાર અનામત રેલીમાં અરવલ્લી જિલ્લામાંથી ૨૫ હજારથી વધુ પાટીદારો સોમવારે સાંજે અને મંગળવારે પ્રયાણ કર્યું હતું. જિલ્લાના ૬ તાલુકાના ગામોમાંથી પાટીદારોને મહારેલીમાં જોડાવા માટે ખાનગી વાહનો દ્વારા અમદાવાદની પાટીદાર મહારેલીમાં પહોંચ્યા હતા. અમદાવાદમાં યોજાયેલી પાટીદાર અનામત રેલીથી મોડાસા શહેરમાં રોજીંદા ટ્રાફિક કરતા ઓછો જોવા મળ્યો હતો.



અમદાવાદમાં યોજાયેલી પાટીદાર અનામત રેલીમાં અરવલ્લી જિલ્લાના ૬ તાલુકાના ગામોમાં મીનીટ્રકો-મોટી ટ્રકો, જીપો, કારો વગેરે મળીને ૫૦૦થી વધુ વાહનો દ્વારા જિલ્લાના પાટીદારો અમદાવાદની મહારેલીમાં જોડાવા પહોંચી ગયા હતા. અરવલ્લી સરદારગ્રુપ અનામત દ્વારા સોમવારે બપોરથી જ જિલ્લાના મુખ્યમથકો અને ગામડાઓમાં ખાનગી વાહનોની વ્યવસ્થા કરી દેવામાં આવી હતી. જેથી મંગળવારે સવારે મહાસભામાં હાજરી આપી શકાય. જિલ્લાના પાટીદાર અનામત સમિતિના અગ્રણીના જણાવ્યા અનુસાર અમદાવાદની મહારેલી માટે જુદા જુદા તાલુકાઓમાંથી મોડાસા તાલુકામાં ૭ હજાર, માલપુર તાલુકામાં ૪ હજાર, બાયડ તાલુકામાં ૧૦ હજાર, મેઘરજ તાલુકામાં ૧ હજાર તેમજ અન્ય નોંધાયા વિના પોતાના ખાનગી વાહનો દ્વારા જિલ્લાના અન્ય વિસ્તારના પાટીદારો મળી ૨૫ હજારથી વધુ પાટીદારોએ અમદાવાદ મહારેલીમાં ભાગ લેવા નીકળ્યા હતા.

અરવલ્લી જિલ્લાના મુખ્યમથક મોડાસા શહેરમાં મંગળવારે અમદાવાદમાં યોજાયેલી પાટીદાર મહાસભા અને રેલીની આંશિક અસર હેઠળ હોય તેમ મોડાસા શહેરના મુખ્યમાર્ગો, બસસ્ટેન્ડ અને સરકારી કચેરીઓમાં ટ્રાફિક અને પ્રજાજનોની સંખ્યા નહિવત જોવા મળી હતી.

**(તસવીર : જય અમીન, મોડાસા)**

# ગુજરાત મિલ્ક ફેડરેશન બાદ પરથીભાઈ ભટોળને પુનઃ હાઈકોર્ટનો ઝટકો

## જૂના સિમાંકન મુજબ જ ચૂંટણી યોજવાના આદેશથી પરથીભાઈના પગ નીચેથી જમીન સરકી

પાલનપુર, તા. ૨૫

બનાસ ડેરીના ચેરમેન પરથીભાઈ ભટોળ દ્વારા ચેરમેન પદની ખુરશી જાળવવા માટે પોતાની જાતે જ નવું સિમાંકન બનાવી નવા સિમાંકન મુજબ ચૂંટણી યોજવા માટેનો તપ્નો તૈયાર કર્યો હતો પરંતુ દૂધ ઉત્પાદકોના હિતોને ધ્યાને રાખી રાજ્ય સરકાર દ્વારા જૂના સિમાંકન મુજબ ચૂંટણી યોજવાનો આદેશ કરાયો હતો. જેની સામે વર્તમાન ચેરમેન સમર્થિત સાત જેટલી મંડળીઓએ નવા સિમાંકન મુજબ ચૂંટણી યોજવા ગુજરાત હાઈકોર્ટમાં સ્પેશ્યલ સિવિલ એપ્લીકેશન દાખલ કરી હતી. જેને હાઈકોર્ટે રદ કરી જૂના સિમાંકન મુજબ જ ચૂંટણી યોજવાનો આદેશ કરતાં ચેરમેન પરથીભાઈ ભટોળના પગ નીચેથી જમીન સરકી જવા પામી છે.

ધી બનાસકાંઠા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી. પાલનપુર (બનાસડેરી)ના વર્તમાન ચેરમેન પરથીભાઈ ભટોળ દ્વારા પશુપાલકોના હિતોને બાજુ પર મુકીને પોતાના સ્વાર્થ ખાતર અનેક યોજનાઓ થકી કરોડો રૂપિયા એકત્ર કરી નાંખ્યા છે. જ્યારે બનાસ ડેરીમાં નાનામાં નાનુ અને મોટામાં મોટા કોન્ટ્રાક્ટમાં કાં તો ચેરમેનને ભાગીદાર બનાવવા જોઈએ કાં તો કમિશન આપે તો જ તેઓના કોન્ટ્રાક્ટ મંજૂર કરવામાં આવતા હોવાના પણ આક્ષેપો ઉઠવા પામ્યા છે. જ્યારે તાજેતરમાં યોજાયેલ ગુજરાત કો.ઓ. મિલ્ક માર્કેટીંગ ફેડરેશનની ચૂંટણીમાં પણ રાજ્ય સરકાર દ્વારા બનાસ ડેરીના ચેરમેન પકથીભાઈ ભટોળને જાકારો આપ્યો છે. આ ઉપરાંત તાજેતરમાં યોજાયેલ ધી બનાસકાંઠા જિલ્લા ખરીદ વેચાણ સંઘની ચૂંટણીમાં પરથીભાઈ ભટોળ સમર્થિત પેનલનો કારમો રકાસ થવા પામ્યો હતો. આમ, ધીમે ધીમે પરથીભાઈ ભટોળનો વિશ્વાસ ઘટતા પશુપાલકોનો પણ વિશ્વાસ ઉઠી રહ્યો છે. જો કે, ચેરમેન પરથીભાઈ ભટોળે બનાસ ડેરીની ખુરશી ટકાવી રાખવા માટે ચોકઠુ ગોઠવી દેવામાં આવ્યું હતું.

પરંતુ પશુપાલકો દ્વારા જૂના સિમાંકન મુજબ જ ચૂંટણી યોજવા માટે રાજ્ય સરકાર સમક્ષ રજૂઆત કરતાં રાજ્ય સરકાર દ્વારા જૂના સિમાંકન મુજબ ચૂંટણી યોજવાનો આદેશ કર્યો હતો. જેથી પરથીભાઈ ભટોળ દ્વારા પોતાને સમર્થન કરતી સાત જેટલી મંડળીઓને રાજ્ય સરકારના હૂકમ સામે નારાજ થઈ ગુજરાત હાઈકોર્ટમાં સ્પેશ્યલ સિવિલ એપ્લીકેશન દાખલ કરી હતી. જે અંગે ગત તા. ૨૪ ઓગષ્ટના રોજ સુનાવણી યોજાતા નામદાર હાઈકોર્ટે બનાસ ડેરીની ચૂંટણી નવા સિમાંકનને રદ કરી જૂના સિમાંકન મુજબ જ ચૂંટણી યોજવાનો હૂકમ કરતા પરથીભાઈ ભટોળના સમર્થકોમાં ખળભળાટ મચી જવા પામ્યો છે.

## ભિલોડાની વાસંળી ગ્રામ પંચાયતમાં પાણીની ટાંકીનું ખાતમુહૂર્ત કરાયુ

ભિલોડા,તા.૨૫

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકાની વાંસળી ગ્રૃપ ગ્રામ પંચાયત મત વિસ્તારમાં વાસ્મો પાણી પુરવઠા યોજના અંતર્ગત ૮૦,૦૦૦/- લીટર પાણીની ક્ષમતા ધરાવતી ટાંકીનું ખાતમુર્હતનો કાર્યક્રમ યોજાયો.વાંસળી ગ્રૃપ ગ્રામ પંચાયત સરપંચ ઈન્દુબેન ભાવિનકુમાર તબિયાર, ડે.સરપંચ સવિતાબેન એ.રાઠોડ સહિત વાંસળી અને કમઠાડીયા ગામના ગ્રામજનોએ જણાવ્યું હતું કે, રૂા.૧૪,૦૦,૦૦૦/- ના ખર્ચે પીવાના પાણી અદ્યતન ટાંકી બનાવવામાં આવશે પ્રજાજનોમાં આનંદની લાગણી પ્રસરી છે.

# ધાનેરા નગરપાલિકા પ્રમુખ તરીકે આશાબેન પટેલ અને જગદીશભાઈ ઠક્કર ઉપપ્રમુખપદે વિજય

ડીસા, તા. ૨૫

બનાસકાંઠાના ધાનેરા નગરપાલિકાની બીજી ટર્મની ચૂંટણી આજે યોજાઈ હતી. જેમાં ધાનેરા નગરપાલિકા પર ભાજપે કબજો જમાવ્યો હતો. આશાબેન પટેલ પ્રમુખ અને જગદીશભાઈ ઠક્કર ઉપ પ્રમુખ પદે વિજય બન્યા હતા.

બનાસકાંઠાની નગરપાલિકામાં છેલ્લા ઘણા સમયથી કામકાજ કથળી રહ્યું હતું જેના કારણે ધાનેરાની પ્રજા પણ ત્રાહિમામ પોકારી ઉઠી હતી અને ધાનેરા પાલિકાની નબળી નેતાગીરીથી લોકો ત્રસ્ત બની ગયા હતા. તે બાદ આજે ધાનેરા પાલિકાની બીજી ટર્મની ચૂંટણી યોજાતા લોકોમાં આનંદ જોવા મળ્યો હતો. ધાનેરા નગરપાલિકા ખાતે આજે બપોરે ૧૨ વાગે ધાનેરા નાયબ કલેક્ટર (ચૂંટણી અધિકારી) પાલિકાના ચીફ ઓફિસર અને પાલિકામાં ચૂંટાયેલા ૧૭ સભ્યોની હાજરીમાં બીજી ટર્મની પાલિકાની ચૂંટણીનું આયોજન કરવામાં આવ્યુ હતું. જેમાં ભાજફ તરફથી પ્રમુખ પદે આશાબેન પટેલે ઉમેદવારી નોંધાવી હતી જ્યારે કોંગ્રેસ તરફથી પન્નુબેન દરજીએ ઉમેવારી નોંધાવી હતી. ઉપપ્રમુખ પદે ભાજપમાંથી જગદીશભાઈ ઠક્કર અને કોંગ્રેસમાંથી વશરામભાઈ ગલચરે ઉમેદવારી નોંધાવી હતી. જેમાં ભાજપની બહુમતી હોવાથી ભાજપના ઉમેદવારોને ૧૦ મત મળ્યા હતા અને કોંગ્રેસના ઉમેદવારોને ૭ મત મળ્યા હતા. ૭ સામે ૧૦ મતથી ભાજપના ઉમેદવાર વિજય બન્યા હતા અને ચૂંટણી શાંતિપૂર્ણ માહોલમાં પૂર્ણ થઈ હતી. ભાજપના ઉમેદવાર વિજયી બનતા ધાનેરા પાલિકામાં ભગવો લહેરાયો હતો અને જીતેલા ઉમેદવારોએ પણ તમામનો આભાર માન્યો હતો.

અત્યારે તો ધાનેરાની પ્રજા ધાનેરા પાલિકાની નબળી નેતાગીરીથી ત્રસ્ત બની ગઈ હતી અને ધાનેરામાં ઠેર-ઠેર ગંદકીના ઢગલા, ઉભરાયેલી ગટરો અને વિવિધ સમસ્યાથી લોકો પીડાઈ રહ્યા હતા. પરંતુ હવે જોવાનું એ રહે છે કે પાલિકાના નવા પ્રમુખ ધાનેરાનો કેવો વિકાસ કરે છે તે તો આવનારો સમય જ બતાવશે.



**મોડાસાના સાંઈ મંદિરે શાકભાજીના હિંડોળા**

અરવલ્લી જિલ્લાના મોડાસા શહેરમાં માલપુર રોડ પર આવેલા સાંઈ મંદિરના પરિસરમાં આવેલા તીર્થેશ્વર મંદિરમાં શ્રાવણ માસના દર સોમવારે અલગ અલગ હિંડોળા ભરવામાં આવે છે. ચાલુ પવિત્ર શ્રાવણ માસના પ્રથમ સોમવારે ફૂલોના હિંડોળા ભરવામાં આવ્યા હતા. તા. ૨૪-૯-૨૦૧૫ના બિજા સોમવારે શાકભાજીના હિંડોળા ભરવામાં આવ્યા હતા. મોડાસા શહેરના શિવભક્તો અને ધર્મપ્રેમી પ્રજાજનોએ શાકભાજીના હિંડોળાના દર્શનનો લાભ લીધો હતો. (તસવીર : જય અમીન, મોડાસા)

## બહિયલ આરોગ્ય કેન્દ્રમાં દર્દીઓને અસુવિધાના પગલે ઉગ્ર રોષ

હરસોલી, તા. ૨૫

દહેગામના બહિયલ સ્થિત પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં સુવિધા અને સ્ટાફના અભાવે ગ્રામજનો અને દર્દીને પારાવાર મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે. તેમજ નાછૂટકે ખાનગી દવાખાનાનો સહારો લેવો પડે છે. આથી સ્થાનિક દર્દીઓમાં રોષ જોવા મળ્યો છે.

પ્રાપ્ત માહિતી અનુસાર દહેગામ તાલુકામાં બહિયલ ગામે પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર આવેલું છે. જ્યાં આસપાસના ૧૦ જેટલા ગામના દર્દીઓ સારવાર અર્થે આવે છે. પરંતુ છેલ્લા ઘણા સમયથી અસુવિધા અને સ્ટાફના અભાવે આરોગ્ય સેવા કથળી ગઈ છે. ડૉક્ટરોની અનિયમિતતાને લીધે દર્દીઓને આરોગ્ય કેન્દ્રના ધક્કા ખાવાનો વારો આવે છે. પરિણામે આરોગ્ય સેવાના નામે બહિયલ આરોગ્ય કેન્દ્ર શોભાના ગાંઠીયા સમાન બની ગયું છે. જેથી સ્થાનિકોમાં રોષ જોવા મળ્યો છે અને કથળેલી સુવિધા યોગ્ય કરવા જિલ્લા આરોગ્યતંત્ર સમક્ષ માંગ કરી છે.

# પ્રાંતિજના ઘડી ગામે વનમહોત્સવ યોજાયો

પ્રાંતિજ, તા. ૨૫

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના ઘડી ખાતે ૬૬મો વનમહોત્સવની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં ઘડી ખાતે આયુર્વેદિક અને ફળફળાદીના વૃક્ષો સહિત પર્યાવરણને ઉપયોગી વૃક્ષોનું વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો હતો.

ઘડી ખાતે આવેલ જે.એમ. દેસાઈ હાઈસ્કૂલ ખાતે તા. ૨૪-૮-૨૦૧૫ને સોમવારના રોજ ૬૬મા વનમહોત્સવની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં પ્રાંતિજ-તલોદના કોંગ્રેસના ધારાસભ્ય મહેન્દ્રસિંહ બારૈયા, પ્રાંતિજ મામલતદાર એ.એ. ડોડીયા, પરીક્ષેત્ર વન અધિકારી કે.પી. પટેલ સહિત મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. જ્યારે ઘડી ખાતે બે વર્ષમાં અત્યાર સુધીમાં ૨૬૭૦૦ વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યું છે. જેમાં ૧૫૦૦થી પણ વધારે ચંદનના વૃક્ષો તથા ૭૦૦૦ ક્લોન નીલગીરીનું રોપાઓનું વાવેતર કરવામાં આવ્યું છે. જ્યારે મહેન્દ્રસિંહ બારૈયાએ પણ ગ્રામજનો ખેતી સાથે ખેતરોમાં વધુને વધુ ફળ સહિતના વૃક્ષોનું વાવણી કરવા જણાવ્યું હતું. જ્યારે મામલતદાર દ્વારા ઓક્સીજન આપે તેવાં વૃક્ષોની વાવણી કરવા અને પર્યાવરણને બચાવવા ગામજનોને વધુને વધુ વૃક્ષો વાવવા ગામજનોને આહવાન કર્યું હતું. તો કે.પી. પટેલ દ્વારા પણ વૃક્ષો વાવી તેમનું જતન તથા ઉછેરવા સહિતની માહિતી પુરી પાડી હતી. ત્યારે સાબરડેરી દ્વારા પણ ફળ વૃક્ષોના રોપા પાછળ પચાસ ટકા છોડ પાછળનો ખર્ચ આપવા જણાવ્યું હતું. જ્યારે શાળામાં પણ મહેમાનો દ્વારા વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. જ્યારે શાળાના બાળકો સહિત સ્ટાફ સહિત ગામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.



(તસવીર : સંજય રાવલ, પ્રાંતિજ)

## ભિલોડા તાલુકા કોંગ્રેસ સમિતિની બેઠક યોજાઈ

ભિલોડા, તા. ૨૫

અરવલ્લી જીલ્લાના ભિલોડા ધોલવાણી ત્રણ રસ્તા પાસે આવેલ સુખસાગર પ્લાઝા કોમ્પલેક્ષના હોલમાં ભિલોડા તાલુકા કોંગ્રેસ સમિતીના હોદ્દેદારો અને કાર્યકરોની બેઠકનો કાર્યક્રમ યોજાયો હતો. આગામી જીલ્લા પંચાયત, તાલુકા પંચાયતની ચુંટણીમાં કોંગ્રેસના ઉમેદવારોને વિજયી બનાવવા સંકલ્પ કર્યો હતો. ડાૅ.અનિલભાઈ જોષીયારા, ભિલોડા-મેઘરજ ધારાસભ્ય અધ્યક્ષસ્થાને બેઠકનો કાર્યક્રમ યોજાયો હતો. કુમાર વનરાજસિંહ રાઠોડ, ગુજરાત પ્રદેશ કોંગ્રેસ મંત્રીનું સન્માન આદિવાસી ડુંગરી ગરાસીયા સમાજના પ્રમુખ ધુળજીભાઈ ગામેતીના વરદ્‌હસ્તે કરાયું હતું. આ પ્રસંગે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ મંત્રી અરૂણભાઈ પટેલ, ઈન્દ્રવિજયસિંહ રાઠોડ, રાજેન્દ્રભાઈ પારઘી, શુભેન્દ્રસિંહ સિસોદીયા, મંજુલાબેન પાંડોર, શાંમળભાઈ ભાંભી, બલભદ્રસિંહ ચંપાવત, કાંતીલાલ હોથા, છગનભાઈ પટેલ, મુકેશભાઈ પટેલ, ભરતભાઈ ત્રિવેદી, ફજલભાઈ મેમણ, ધાર્મિકભાઈ પટેલ, કંદર્પભાઈ પટેલ, ચિંતનભાઈ જોષી સહિત ભિલોડા તાલુકા કોંગ્રેસ સમિતીના કાર્યકરો, હોદ્દેદારો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. ભિલોડા તાલુકાના કોંગ્રેસ અગ્રણી કાર્યકરો, હોદ્દેદારો અને અગ્રણીઓએ જણાવ્યું કે, આગામી જીલ્લા પંચાયત, તાલુકા પંચાયતની ચુંટણીમાં કોંગ્રેસના ઉમેદવારોને જંગી બહુમતીથી વિજયી બનાવવા સંકલ્પ જાહેર કર્યો હતો. અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકાના પટેલ સમાજના પચાસથી વધુ નવયુવાનો આનંદ-ઉત્સાહભેર કોંગ્રેસમાં જોડાયા હતા.

## વેડાછાવણીની મહિલાની ધાર્મિક લાગણી દુભાવતા બે વિરૂધ્ધ ફરિયાદ

વડાલી તાલુકાના વેડાછાવણી ગામની એક મહિલાની સોમવારે ગામના જ બે શખ્સોએ ધાર્મિક લાગણી દુભાવતા મહિલાએ બંને વિરૂધ્ધ મંગળવારે વડાલી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

આ અંગેની વિગત એવી છે કે વેડાછાવણી ગામના કોકીલાબેન વિનોદભાઈ વણઝારાએ દશામાનું વ્રત કર્યુ હોવાથી સોમવારે પોતાના ઘર પાસે ઉભા હતા ત્યારે ગામના જ વિક્રમભાઈ પેથાભાઈ વણઝારા અને જીતુભાઈ હીરાભાઈ વણઝારાએ તેણીની પાસે આવીને હતું કે દશામાની સેવા કરવાને બદલે અમારી સેવા કર તેમ કહી ગાળો બોલી હતી અને ઉશ્કેરાઈ જઈ કોકીલાબેન સાથે ઝપાઝપી પણ કરી હતી. કોકીલાબેને બંને જણા વિરૂધ્ધ મંગળવારે વડાલી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

## લક્ષ્મીપુરાની એન.એલ. હાઈસ્કૂલનું ગૌરવ

ખેડબ્રહ્મા તાલુકાના લક્ષ્મીપુરા ગામની શેઠ એન.એલ. હાઈસ્કૂલના ધો. ૧૨ના વિદ્યાર્થી રાઠવા કનસિંહ રાયસંગભાઈએ સાબરકાંઠા જિલ્લામાં યોગ હરીફાઈમાં ભાગ લઈ સમગ્ર જિલ્લામાં યોગ સ્પર્ધામાં તૃતીય સ્થાન મેળવી રાજ્યકક્ષાની સ્પર્ધા માટે પસંદગી પામેલ છે. તદ્‌ઉપરાંત હાઈસ્કૂલની અંડર-૧૭માં ખોખોની ટીમ તાલુકા કક્ષાએ પ્રથમ ક્રમે આવી જિલ્લાકક્ષાની ખોખોની સ્પર્ધામાં પસંદગી પામી છે તેથી જ્ઞાનમંડળ લક્ષ્મીપુરા ગૃપ તથા હાઈસ્કૂલ પરિવારે તમામ સ્પર્ધકોને બિરદાવી શુભેચ્છાઓ પાઠવી હતી.